રૂ. 75 કરોડનું બજેટ, રૂ. 1 કરોડની પુરાંત સાથે મંજૂર

# છોટાઉદેપુર નગરપાલિકાનું 'અ' વર્ગમાં પ્રથમ બજેટ રજૂ કરાયું

**નગરપાલિકા** માટે ઐતિહાસિક અને વિકાસમુખી બજેટ






(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.16
છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા 'અ' વર્ગમાં સમાવેશ થયા બાદ પ્રથમ વખત બજેટ રજૂ કરવામાં આવ્યું છે. નગરપાલિકાની સામાન્ય સભામાં કુલ 75 કરોડ રૂપિયાનું બજેટ 1 કરોડ રૂપિયાની પુરાંત સાથે મંજૂર કરાયું હતું.

આ સામાન્ય સભા નગરપાલિકાના પ્રમુખ મંજુલાબેન કોળીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. શહેરમાં વિકાસલક્ષી કાર્યોને ધ્યાનમાં રાખીને આ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. બજેટમાં શહેરના માર્ગ-મકાન, સફાઈ વ્યવસ્થા, પાણી પુરવઠો, સ્ટ્રીટલાઈટ, ગટર વ્યવસ્થા અને નગર વિકાસના વિવિધ પ્રોજેક્ટ્સ માટે જોગવાઈ કરવામાં આવી છે. તેમ જણાવ્યું હતું.

'અ' વર્ગમાં સમાવેશ થયા બાદનું આ પ્રથમ બજેટ હોવાથી તેને નગરપાલિકા માટે ઐતિહાસિક અને વિકાસમુખી બજેટ તરીકે જોવામાં આવી રહ્યું છે. નગરના વિકાસ ને લઈ સ્થાનિક નાગરિકોમાં પણ આ બજેટને લઈને આશા છે.

ઉનાળાની શરૂઆત સાથે જ ગરમીનો પ્રકોપ ધીમે ધીમે વધી રહ્યો છે

# છોટાઉદેપુર પંથકમાં ગરીબોનું ફ્રિજ માટલાનું ધૂમ વેચાણ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.16
ઉનાળાની શરૂઆત સાથે જ ગરમીનો પ્રકોપ ધીમે ધીમે વધી રહ્યો છે. લોકો ઠંડા પાણી માટે ફ્રિજ, વોટર કુલર જેવી વસ્તુઓની ખરીદી કરી રહ્યા છે. ત્યારે ગરીબોના ફ્રિજ ગણાતા માટીના માટલાની પણ માંગ વધવા લાગી છે. છોટાઉદેપુર, વસેડી, તેજગઢ, નસવાડી તથા બોડેલી નજીક હાલોલ રોડ પર માટલાનું ધૂમ વેચાણ જોવા મળી રહ્યું છે.



છોટાઉદેપુર નગર સહિત જિલ્લાના નસવાડી, તેજગઢ, વસેડી તથા બોડેલી નજીક હાલોલ રોડ પર રસ્તા કિનારે માટીના માટલા, સુરાહીઓ અને અન્ય માટીના વાસણોનું વેચાણ શરૂ થયું છે. ઉનાળાની ગરમી વધતા લોકો ઠંડુ અને તાજું પાણી પીવા માટે માટલાની ખરીદી કરવા માટે અહીં ઉમટી રહ્યા છે.

માટીના માટલામાં રાખેલું પાણી સ્વાભાવિક રીતે ઠંડુ રહેતું હોવાથી ગ્રામ્ય તેમજ શહેરના લોકોમાં તેની માંગ વધતી જોવા મળી રહી છે. બીજી તરફ ફ્રિજ ખરીદવાની સગવડ ન હોય તેવા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે માટલું આજેય 'ગરીબોનું ફ્રિજ' તરીકે ઓળખાય છે. ખાંડીવાવ ગામ પાસે હાઈવે કિનારે બેઠેલા માટીના વાસણોના વેપારીઓ જણાવે છે કે ઉનાળાની શરૂઆત થતાં જ માટલાની માંગ વધી જાય છે અને લોકો મોટી સંખ્યામાં ખરીદી કરવા આવે છે. હાલમાં અલગ અલગ કદના માટલા વેચાઈ રહ્યા છે. માટલામાં રહેલું પાણી ઠંડુ રહેવા સાથે સ્વાસ્થ્ય માટે પણ લાભદાયક માનવામાં આવે છે.

આ પથ્થર ઉડી કોઈના માથામાં વાગે તેનો જવાબદાર કોણ?

# બોડેલી જબુગામ વચ્ચે મુખ્ય રોડ પર રેતીનું ચારણ વેરાતા વાહન ચાલકોને ભારે હાલાકી

**નેટ માર્યા** વગર અનેક વાહનો પસાર થાય છે અને તેના પરિણામ આ રીતના જોવા મળે છે



(પ્રતિનિધિ) બોડેલી, તા.16
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી જબુગામ વચ્ચે આવેલ મેરિયા નદીના પુલ નજીક નેશનલ હાઈવે નંબર 56 પર ગ્રેવલ જ ગ્રેવલ જોવા મળ્યા હતા, એટલે કે રેતીનું ચારણ જે રેતીચારી અને તેમાંથી કાઢવામાં આવતા ગ્રેવલ રોડ ઉપરથી લઈ જવાતી વખતે રોડ ઉપર જ પથરાઈ ગયા હતા મુખ્ય રોડ ઉપર ગ્રેવલ વેરાઈ જતા વાહન ચાલકોને ભારે હાલાકી નો સામનો કરવો પડી રહ્યો હતો. વાહનો ચાલતા આટલા વધુ પ્રમાણમાં ગ્રેવલ હોવાથી ટાયર નીચે આવી છટકતા પણ હતા કોઈને વાગે તો જવાબદાર કોણ આ રીતના કૃત્ય કરી કોઈ વાહન ચાલાક ફરાર થતા ચર્ચાનો વિષય બન્યો છે આ ગ્રેવલ કઈ રીતના વેરાયા એ તપાસના વિષય બન્યો છે.

આ રોડ ઉપર અવારનવાર આવા બનાવો બનતા જ રહે છે ત્રણ થી ચાર દિવસ અગાઉ કોઈ ટ્રેક્ટર ચાલક દ્વારા ચાચક રોડ ઉપર ટ્રેક્ટર ખાલી કરીને ફરાર થયો હતો જેથી કરીને પણ વાહનચાલકોને અટવવાનો વારો આવે તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. જિલ્લા ટ્રાફિક પોલીસ ની ગાડી આ વિસ્તારમાં આખો દિવસ ફરતી હોય છે તેમ છતાં નેટ માર્યા વગર અનેક વાહનો પસાર થાય છે અને તેના પરિણામ આ રીતના જોવા મળે છે.

50 થી વધુ દિકરીઓને રસી આપવામાં આવી

# બોડેલી ખાતે એચપીવી વેક્સિનેશન મેગા ડ્રાઈવ યોજવામા આવી

(પ્રતિનિધિ) બોડેલી, તા.16
તાલુકા હેલ્થ ઓફિસ બોડેલી દ્વારા આયોજિત સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ બોડેલી ખાતે ઈન્ચાર્જ તાલુકા આરોગ્ય અધિકારી ડો. વિકાસ રંજન નાં માર્ગદર્શન હેઠળ આજે બોડેલી તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી ડૉ. શિતલકુંવરબા મહારાઉલ , વિસ્તારનાં સહકારી ક્ષેત્રનાં વરિષ્ઠ અગ્રણી અને ધી બરોડા સેન્ટ્રલ કો ઓપરેટિવ બેન્ક ના વાઈસ ચેરમેન હેમરાજસિંહ મહારાઉલ, શેઠ એચ એચ શિરોલાવાલા હાઈસ્કૂલ, બોડેલીનાં આજીવન ટ્રસ્ટી અને પ્રમુખ ભાવેશભાઈ શિરોલાવાલા સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટશ્રી ડૉ. હુસેન ખત્રીની ખાસ ઉપસ્થિતિમાં એચ.પી.વી. કેમ્પ આયોજન કરવામાં આવ્યો હતો.



એચ.પી.વી (હ્યુમન પેપીલોમા વાયરસ) ની રસી જે દિકરીઓ એ ૧૪ મી વર્ષગાંઠ ઉજવેલ હોય અને ૧૫ મી વર્ષગાંઠ ઉજવવાની બાકી હોય એવી દિકરીઓને એચ.પી.વી રસી આપવામાં આવી જે રસી મૂકવાનો સરકારશ્રી નો મુખ્ય ઉદ્દેશ ભવિષ્ય માં સ્ત્રીઓમાં થતા ગર્ભાશયનાં કેન્સર થી રક્ષણ માટેનો છે અને સરકારશ્રી દ્વારા વિનામૂલ્યે તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્ર ઉપર એચ.પી.વી રસી મૂકવામાં આવે છે.

શાળાઓનો સમય વહેલી સવારનો કરવામાં આવે તો બાળકો ગરમીના પ્રકોપથી બચી શકે

# વધતી ગરમીને પગલે પ્રાથમિક શાળાઓનો સમય સવારનો કરવા શૈક્ષિક મહાસંઘની માંગ

**હવામાન** વિભાગ દ્વારા 'યલો એલર્ટ' તેમજ હીટવેવની આગાહી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.16
સમગ્ર ગુજરાત રાજ્યમાં હાલ ગરમીનો પારો સતત વધી રહ્યો છે અને હવામાન વિભાગ દ્વારા 'યલો એલર્ટ' તેમજ હીટવેવની આગાહી કરવામાં આવી છે, ત્યારે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાને રાખીને છોટાઉદેપુર જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓનો સમય ઉનાળુ વેકેશન સુધી સવારનો કરવા માટે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, છોટાઉદેપુર દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

હાલમાં સવારે ૧૧:૦૦ વાગ્યાથી જ ગરમીનું પ્રમાણ અસહ્ય બની જાય છે, જેના કારણે નાના બાળકોને લૂ લાગવાની અને બીમાર પડવાની ભીતિ સેવાઈ રહી છે. અતિશય ગરમીને કારણે વર્ગખંડમાં વિદ્યાર્થીઓની હાજરી અને તેમની એકાગ્રતા પર વિપરીત અસર જોવા મળી રહી છે.

આગામી દિવસોમાં તાપમાનમાં રેકોર્ડબ્રેક વધારો થવાની શક્યતા છે, જેને જોતા સમયમાં ફેરફાર કરવો અનિવાર્ય છે.

અગાઉના વર્ષોમાં પણ જ્યારે હીટવેવ જેવી સ્થિતિ સર્જાઈ હતી, ત્યારે વિદ્યાર્થી હિતમાં શાળાઓનો સમય સવારનો કરવામાં આવ્યો હતો. શૈક્ષિક મહાસંઘ દ્વારા આ બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઉપરાંત જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રીને પણ નકલ રવાના કરી તાત્કાલિક નિર્ણય લેવા આગ્રહભરી વિનંતી કરવામાં આવી છે. જો શાળાઓનો સમય વહેલી સવારનો કરવામાં આવે તો બાળકો ગરમીના પ્રકોપથી બચી શકે અને તેમનું શૈક્ષણિક કાર્ય પણ સુચારુ રીતે ચાલી શકે.

# B.Sc. નર્સિંગના વિદ્યાર્થીઓનો શપથવિધિ સમારોહ યોજાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.16
પાદરા તાલુકાના મહુવડ ગામ નજીક આવેલ બેન્કર્સ નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટ ખાતે B.Sc. નર્સિંગના દ્દ્ઠા બેચ તથા GNMના ૧૭મા બેચના વિદ્યાર્થીઓ માટે લેમ્પ લાઈટિંગ અને શપથવિધિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન નર્સિંગ ક્ષેત્રમાં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓમાં સેવાભાવ, કાર્યનિષ્ઠા અને માનવતાની ભાવના મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.



કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી. ત્યારબાદ B.Sc. નર્સિંગના દ્દ્ઠા બેચ તથા GNMના ૧૭મા બેચના વિદ્યાર્થીઓ દ્વારા લેમ્પ લાઈટિંગ વિધિ યોજાઈ હતી અને નર્સિંગ સેવાઓ માટે શપથ લેવડાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સીમા પાંડે (સિનિયર કન્સલ્ટન્ટ), વર્ષ રાજપૂત (DNS - GMERS), ડો. દર્શન બેન્કર (ચીફ ડિરેક્ટર, બેન્કર્સ ગ્રુપ હોસ્પિટલ), ડો. પારુલ બેન્કર (મેડિકલ ડિરેક્ટર), ડો. યશ બેન્કર (ટ્રસ્ટી) તથા અનુષ્કા ચોક્સી (ગ્રુપ ચોક્સી) સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમારોહ દરમિયાન મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને નર્સિંગ વ્યવસાયના મૂલ્યો, કરુણા અને જવાબદારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

હિન્દુ જાગરણથી નવી ચેતના અને ઉર્જા પ્રદાન કરવા

# વાઘોડિયામાં વિરાટ હિન્દુ સંમેલન ઈન્દ્રપુરી ગરબા ગ્રાઊન્ડમાં યોજાયુ

**મૂળ** અને કુળ સુરક્ષિત, તો આ દુનિયામાં સુરક્ષિત

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.16
વાઘોડિયા હિન્દુ સંમેલન સમિતિ દ્વારા વાઘોડિયામાં ઈન્દ્રપુરી ગરબા ગ્રાઉન્ડ ખાતે " હિન્દુ સંમેલન" નું આયોજન રવિવારે સમી સાંજે રાખવામાં આવ્યું હતું.આ પ્રસંગે પરમ પૂજ્ય જસવંતરામ મહારાજ, સંતપ્રસાદ સ્વામીજી, માન સરોવર બાપુ, હરિ પ્રકાશ સ્વામી અને ગોવિંદ પ્રકાશ સ્વામી સહિત ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ બાપુ ઉપસ્થિત રહ્યાં હતાં. આ સંમેલનનું મુખ્ય કારણ સનાતન હિન્દુઓમાં હિન્દુ જાગરણ મંચ દ્વારા નવી ઉર્જા અને ચેતના સંચાર કરવા સાથે હિન્દુ સમાજ સંગઠિત રહે અને સુરક્ષિત રહે તે માટે આયોજન કરવામાં આવ્યું હતું.



હિન્દુ સમાજમાં સામાજિક એકતા અને સમરસતા જળવાઈ રહે તેવા ઉદ્દેશ સાથે હિન્દુઓને એકત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં RSS, બજરંગ દલ, AHP, હિન્દુ જગરણ મંચ વગેરે કાર્યકર્તાઓ આસંમેલન માં હાજર રહ્યા હતા. હિન્દુ સંમેલનમાં સંત સ્વામીઓએ પોતાના વક્તવ્યથી શ્રોતાઓમાં નવી ઉર્જા ભરી હતી. ધર્મ જાગરણ સંયોજક (પ્રાંત) ધર્મેશભાઈ મહેતાએ પણ પોતાનું વકતવ્ય રજુ કર્યું હતું. સૌથી મોટા સંઘે (RSS)રાષ્ટ્ર સેવા માટે ૧૦૦ વર્ષ પૂરા કરતા રાજ્યમાં વિવિધ સ્થળે હિન્દુ સંમેલનો યોજાઈ રહ્યા છે. સભાને સંબોધતા સંતોએ સનાતન ધર્મએ ઋષિ પરંપરા થી શરૂ થયેલો ધર્મ છે.

# જાસપુર ગામની સીમમાં અજાણ્યા પુરુષની લાશ મળી

(પ્રતિનિધિ) પાદરા, તા. 16
પાદરા તાલુકાના જાસપુર ગામની સીમમાં આવેલ હડમતીયા વગામાં હનુમાનજી મંદિર નજીક મીની નદીના પટમાંથી એક અજાણ્યા પુરુષની લાશ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી હતી. બનાવ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં અ.મોત મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ જાસપુર ગામની સીમમાં શીવા ફાર્મા આર્ટ ગેલેરીની પાછળથી પસાર થતી મીની નદીના પટમાં એક અજાણ્યો પુરુષ મરણ પામેલી હાલતમાં મળી આવ્યો હતો. મૃતક ભીખારી જેવો લાગતો હતો અને તેની ઉંમર અંદાજે ૪૦ થી ૪૫ વર્ષ જેટલી હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

# પાતાળિયા હનુમાન મંદિર ખાતે નવગ્રહાત્મક નવકુંડાત્મક મહા મારુતિ યજ્ઞનું આયોજન

**15 વર્ષ** બાદ પાતાળિયા હનુમાન મંદિર પટાંગણમાં આ મહા મારુતિ યજ્ઞનું આયોજન

(પ્રતિનિધિ) પાદરા, તા.16
પાદરા ખાતે આવેલ સુપ્રસિદ્ધ પાતાળિયા હનુમાન મંદિર ખાતે નવગ્રહાત્મક નવકુંડાત્મક મહા મારુતિ યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મંદિર પટાંગણમાં યજ્ઞને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને સમગ્ર વિસ્તારમાં ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ તા. 29 માર્ચ 2026 થી 2 એપ્રિલ 2026 સુધી મહા મારુતિ યજ્ઞ યોજાશે, જ્યારે 3 એપ્રિલના રોજ ભવ્ય ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે.



આ આયોજનના પ્રથમ દિવસે એટલે કે 29 માર્ચે ભવ્ય કલશયાત્રા યોજાશે. વહેલી સવારે 7 વાગ્યે ગાયત્રી મંદિરથી કલશયાત્રા પ્રસ્થાન કરશે અને યજ્ઞશાળા ખાતે પહોંચ્યા બાદ મંડપ મુહૂર્ત સહિતની વિધિઓ પૂર્ણ કરીને યજ્ઞનો પ્રારંભ કરવામાં આવશે. પાંચ દિવસ ચાલનારા આ નવગ્રહાત્મક નવકુંડાત્મક મહા મારુતિ યજ્ઞમાં અંદાજે 136 દંપતી હવન સામગ્રીની આહુતિ આપી ધાર્મિક પુણ્ય પ્રાપ્ત કરશે તેવી માહિતી મળી રહી છે.

બોડેલીના ગૈડીયા ગામે રેતી લીઝ પર જનતા રેડ:

# નિર્ધારિત હદ બહાર રાત્રે રેતી ખનન કરાતું હોવાના આક્ષેપ, ગ્રામજનોએ એકઠા થઈ વિરોધ નોંધાવ્યો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર , તા.16
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ગૈડીયા ગામે ચાલતી રેતીની લીઝ પર ગ્રામજનોએ 'જનતા રેડ' કરી હતી. ગ્રામજનોએ લીઝ સંચાલક પર નિર્ધારિત હદ બહાર અને રાત્રી દરમિયાન રેતી ખનન કરવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો.

ઓરસંગ નદી રેતી માફિયાઓ માટે એક મહત્વપૂર્ણ સ્ત્રોત બની છે, જ્યાં કાયદેસર અને ગેરકાયદેસર બંને રીતે રેતી ખનન પ્રવૃત્તિઓ ચાલે છે. ગૈડીયા ગામે લીઝ સંચાલક દ્વારા હદ બહાર અને કેટલીકવાર રાત્રી દરમિયાન પણ ગેરકાયદેસર ખનન કરાતું હોવાના આક્ષેપો ઘણા સમયથી થઈ રહ્યા હતા.





આ આક્ષેપોને પગલે આજે સવારે ગ્રામજનો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને નદીમાં ચાલતું રેતી ખનન તાત્કાલિક બંધ કરાવી દીધું હતું. આ 'જનતા રેડ' દ્વારા ગ્રામજનોએ રેતી ખનન પ્રવૃત્તિઓ સામે પોતાની નારાજગી અને વિરોધ વ્યક્ત કર્યો હતો.

ગામના યુવક અલ્પેશ રાઠવાએ જણાવ્યું હતું કે, લીઝ માફિયાઓનું જોર એટલું વધી ગયું છે કે તેઓ આડેધડ રેતી ખનન કરે છે. કાયદેસર લીઝ હોવા છતાં, મશીનોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે રેતી ભરવા માટે થાય છે. ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ આવે ત્યારે મશીનો હટાવી લેવાય છે અને તેઓ ગયા પછી ફરીથી ગેરકાયદેસર ખનન શરૂ થઈ જાય છે. તેમણે અધિકારીઓ દ્વારા ફોન ન ઉપાડવા અને કાર્યવાહી ન કરવા અંગે પણ ફરિયાદ કરી હતી. ગ્રામજનોએ 'જનતા રેડ' દરમિયાન ચાલુ હિટાચી મશીનોના વીડિયો પણ રેકોર્ડ કર્યા હોવાનું જણાવ્યું હતું.

પ્રાકૃતિક ખેતી-સમૃદ્ધ ખેતી : ઝેરમુક્ત આહાર, રોગમુક્ત જીવન

# બોડેલી તાલુકા સેવા સદન ખાતે 'પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર'નો શુભારંભ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.16
દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રાકૃતિક ખેતીના સંકલ્પને સાકાર કરવા અને ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્મા પ્રોજેક્ટ, છોટાઉદેપુરના સંયુક્ત ઉપક્રમે બોડેલી તાલુકા સેવા સદન ખાતે 'પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર'નો શુભારંભ કરવામાં આવ્યો હતો.

'પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર' શરૂ કરવાનો મુખ્ય હેતુ રાસાયણિક ખાતરો અને જંતુનાશકોથી મુક્ત, શુદ્ધ અને સાત્વિક આહાર જનતા સુધી પહોંચાડવાનો અને માનવીય સ્વાસ્થ્ય તેમજ જીવસૃષ્ટિનું રક્ષણ કરવાનો છે. ઝીરો બજેટની અને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદિત રસાયણમુક્ત શાકભાજી, ધાન્ય પાકો, કઠોળનું સીધું વેચાણ કરવામાં આવશે. આ ઉપરાંત, વિવિધ પાકોનું મૂલ્યવર્ધન કરી તેના વેચાણ દ્વારા ખેડૂતોને ઉત્પાદનનો યોગ્ય ભાવ મળે અને આર્થિક સમૃદ્ધિ વધે તે દિશામાં આ એક મહત્વનું પગલું છે. રસાયણમુક્ત ખેતીને પ્રોત્સાહન આપવા અને ગ્રાહકોને રોગમુક્ત જીવનની ભેટ આપવાનું એક સશક્ત માધ્યમ છે.




# 42 ગુનામાં ઝડપાયેલી રૂ. 1.76 કરોડની 62626 દારૂની બોટલોનો નાશ કરાયો

(પ્રતિનિધિ) સાવલી, તા.16
સાવલી, ભાદરવા, ડેસર અને મંજુસર પોલીસ સ્ટેશનોમાં અલગ અલગ ગુનાઓમાં કબ્જે કરવામાં આવેલા ભારતીય બનાવટના વિદેશી દારૂના વિશાળ જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.પોલીસ વિભાગ ની કાર્યવાહી દરમિયાન કુલ 42 ગુનાઓમાં જપ્ત થયેલ 62,626 બોટલ દારૂનો નાશ કરવામાં આવ્યો, જેની કુલ કિંમત રૂ. 1,76,83,128 જેટલી થવા પામી છે.

આજરોજ મંજુસર GIDC વિસ્તારમાં આવેલી એક કંપનીના ખુલ્લા મેદાનમાં સમગ્ર જથ્થો ગોઠવી અધિકારીઓની હાજરીમાં દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ તથા નાયબ કલેક્ટર, નાયબ પોલીસ અધિક્ષક વડોદરા ગ્રામ્ય, નશાબંધી અને આબકારી વિભાગના અધિકારી તેમજ સંબંધિત ચારેય પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરો હાજર રહ્યા હતા.





નાશ કરવામાં આવેલ જથ્થો સાવલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા 20 ગુનાઓમાં ઝડપાયેલી કુલ 8,562 બોટલ વિદેશી દારૂ કિંમત રૂપિયા રૂ. 22,20,392 નો જ્યારે ભાદરવા પોલીસ સ્ટેશનના 6 ગુનાઓમાં જપ્ત થયેલ કુલ 23,481 બોટલ વિદેશી દારૂ જેની કિંમત રૂ. 48,11,189 નો જ્યારે ડેસર પોલીસ સ્ટેશનના 6 ગુનાઓમાં જપ્ત કરાયેલ કુલ 7,616 બોટલ જેની કિંમત રૂ. 12,04,914 જ્યારે મંજુસર પોલીસ સ્ટેશનના 10 ગુનાઓમાં ઝડપાયેલ કુલ 22,967 બોટલ જેની કિંમત રૂ. 94,46,633 આમ ચારેય પોલીસ સ્ટેશનો ઝડપાયેલી કુલ 62,626 બોટલ ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ કિંમત રૂ. 1,76 83,128 ના જથ્થા પર બુલડોઝર ફેરવીને નાશ કરવામાં આવ્યો હતો.